# ભારતીય જનતા પક્ષ

**કેન્દ્રીય કાર્યાલય**

**૧૧, અશોક રોડ, નવી દિલ્હી-૦૧**

**ફોન-૦૧૧-૨૩૦૦૫૭૦૦, ફેક્સ-૦૧૧-૨૩૦૦૫૭૮૭**

# પ્રેસ રિલીઝ

ભાજપ રાષ્ટ્રીય પ્રમુખ શ્રી રાજનાથ સિંહ મધ્ય મહારાષ્ટ્રના અછતગ્રસ્ત વિસ્તારોની બે દિવસની મુલાકાત લઇ રહ્યા છે. તેમણે આ મુલાકાતનો પ્રારંભ ઔરંગાબાદનાં ખેડૂતો અને સ્થાનિક રહેવાસીઓને મળીને કર્યો. તેઓએ મધ્ય મહારાષ્ટ્રની કથળી રહેલી પરિસ્થિતિ વિષે રાજનાથસિંહને વાકેફ કર્યા. ચારા છાવણી અને પિંપરી ખાતે ખેડૂતોને સંબોધન કરતા રાજનાથસિંહે જણાવ્યું હતું કે ખેડૂતો સિંચાઇનાં પાણીની તીવ્ર અછતનો સામનો કરી રહ્યા છે. મહારાષ્ટ્રનાં ૧૧,૦૦૦ ગામો અછતગ્રસ્ત છે. ૩૫૦૦થી વધુ ગામોમાં ૫૦ ટકાથી વધુ પાકને નુકસાન થયું છે.

ભાજપના પ્રમુખે અછતગ્રસ્ત વિસ્તારોના ખેડૂતોની તમામ લોન માફ કરવાની માગણી કરતા જણાવ્યું કે ખેડૂતોને ઓછામાં ઓછા બે વર્ષ સુધી મફત બિયારણ, રાહત દરે ખાતર અને ડ્રીપ ઈરીગેશનમાં ૧૦૦ ટકા સબસીડી આપવી જોઈએ. ખેડૂતોને શૂન્ય ટકાના વ્યાજ દરે કૃષિ ધિરાણ પૂરૂં પાડવું જોઈએ. તે ઉપરાંત પશુધન માટે પુરતા પ્રમાણમાં ઘાસચારો મળી રહે એવી વ્યવસ્થા કરવી જોઈએ.

કેન્દ્ર સરકારે જાહેર કરેલું રૂ. ૧૨૦૦ કરોડનું રાહત પેકેજ અપૂરતું હોવાનો દાવો કરતા તેમણે જણાવ્યું કે રાજ્ય સરકારે અછત રાહત પેકેજરૂપે રૂ.૧૮૦૦

કરોડની માગણી કરી હતી. સરકારે અછત રાહતની રકમ વધારવી જોઈએ અને રાહતકાર્યોની દેખરેખ માટે કેન્દ્રીય ટીમ મોકલવી જોઈએ.

વર્તમાન પરિસ્થિતિ માટે સિંચાઇ પ્રોજેક્ટોમાં વ્યાપેલા ભ્રષ્ટાચારને કારણભૂત ગણાવતા તેમણે ઉમેર્યું કે અનેક મહત્ત્વાકાંક્ષી સિંચાઇ પ્રોજેક્ટો હાથ ધરવાના નામે રૂ. ૭૦,૦૦૦ કરોડથી વધુનું કૌભાંડ આચરવામાં આવ્યું. બીજી બાજુ છેલ્લા દસ વર્ષમાં વાવેતર હેઠળનાં કુલ વિસ્તારમાંથી ૦.૧ ટકા જમીનનો ઉમેરો સિંચાઇ યોજનાઓમાં થઇ શક્યો. મહારાષ્ટ્ર જળ સંસાધન નીયમન ઓથોરીટી કાયદો ઘડવા છતાં સરકાર સામાન્ય જનતા, ખેડૂતો અને ગરીબજનોનું પાણી છીનવાઈ જતું અટકાવી શકી નથી. તે કાયદામાં સુધારો કરીને પાણી અન્યત્ર વળતું અટકાવવાની જરૂર છે.

અછતને લીધે ગ્રામીણ ગરીબજનો અને ખેડૂતો રોજગાર વિહોણા બની ગયા છે. ગ્રામવાસીઓ મોટી સંખ્યામાં રોજગારી માટે સહારો ભણી વાળી રહ્યા છે. સરકારે મનરેગા યોજનાનો વ્યાપ વધારીને તેને કૃષિ સાથે સાંકળી લેવાની જરૂર છે, એમ રાજનાથસિંહે ઉમેર્યું હતું.

તેમણે ખેડૂતોને એવી ખાતરી પણ આપી કે મહારાષ્ટ્રમાં અછતનો મુદ્દો સંસદના બંને ગૃહોમાં ઉઠાવવામાં આવશે.

(ઓ.પી.કોહલી)
હેડક્વાર્ટર ઇન્ચાર્જ